જરૂરી/RTE હેઠળ પ્રવેશ/વિદ્યાર્થી સહાય

જા.નં/પ્રાથમિક/RTE/૨૦૨૨-૨૪/ ૧૦૦૩૧

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩,જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઇન્સ,સુરત
તા.૦૪/૦૭/૨૦૨૩

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત મહાનગરપાલિકા વિસ્તાર ની તમામ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ તરફ.

વિષય:- RTE હેઠળ વિનામૂલ્યે પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને મળતી સહાય બાબત.

જય ભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, RTE હેઠળ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર અધિનિયમ-૨૦૦૯ અને તે હેઠળ રચાયેલ નિયમો-૨૦૧૨ ની જોગવાઇઓ હેઠળ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં RTE હેઠળ વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવેલ છે તેવા વિદ્યાર્થીઓને વર્ષદિઠ રૂ.૩૦૦૦/- લેખે મળતી સહાયની રકમ શાળાએ રજૂ કરેલ વિદ્યાર્થી/વાલીનાં બેંક એકાઉન્ટમાં જમા કરવામાં આવે છે. જેમાં રજૂ કરેલ વિદ્યાર્થી/વાલીનાં બેંક એકાઉન્ટ બંધ થતા/બેંક મર્જ થતા/મિનીમમ બેંક બેલેન્સ ન હોવાથી/વાલીએ એકાઉન્ટ બદલી દીધેલ હોવાથી કે કે.વાય.સી. અપડેટ ન હોવાથી વગેરે કારણોસર રૂ.૩૦૦૦/- લેખે મળતી સહાયની રકમ જમા થઇ શકતી નથી. ઉકત વિગતે આપની શાળામાં RTE હેઠળ વિનામૂલ્યે પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનાં વાલીઓને તેમણે રજૂ કરેલ બેંક એકાઉન્ટ અદ્યતન રાખવા માટેનું માર્ગદર્શન આપની કક્ષાએથી આપવા જણાવવામાં આવે છે.સદર સુચનાનો શાળાનાં આચાર્યએ ચૂસ્ત અમલ કરવાનો રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત,જિલ્લો-સુરત

નકલ રવાના :-
-શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,ગોપીપુરા,સંઘડિયાવાડ,સુરત.
-કન્વીનરશ્રી, એસ.વી.એસ.-૧ થી ૯

Scanned with CamScanner